## ક્રિ. કે. નં.૯૫૧૪૩/૨૦૧૯

### : આંક – ૧ લગત હુકમ :

1. ફરિયાદી, દ્વારા હાલની ફરિયાદ, આરોપી વિરૂદ્ધ ધી. એન. આઈ. એકટની કલમ ૧૩૮ મુજબ સને ૨૦૧૯ માં દાખલ કરેલ છે. જે ફરિયાદ દાખલ કર્યા બાદ આરોપીને પ્રોસેસની બજવણી માટે મુલત્વી રાખવામાં આવેલ. હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદ દાખલ કર્યા બાદ ફરિયાદી તર્ફે પ્રોસેસ માટે અરજીઓ રજૂ કરેલ છે. જે મુજબ પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે પણ પરત થયેલ નથી. જયારે ફરિયાદી દ્વારા આરોપીને પ્રોસેસ આર. પી. એ. ડી કે અન્ય માધ્યમ મારફતે બજવણી માટે કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. આજરોજ ફરિયાદી કે વિ.વ.શ્રી હાજર નથી કે તેઓ દ્વારા નવિન સરનામા માટે કોઈ અરજી કે રીપોર્ટ નથી. રેકર્ડ ધ્યાને લેતાં ફરિયાદી તરફે સને–૨૦૨૦ બાદ કોઈ અરજી કે રીપોર્ટ રજૂ થયેલ નથી કે પ્રોસેસ બજવણી માટે કોઇ પ્રયત્ન કરેલ નથી. જેથી ફરિયાદીને હાલની કાર્યવાહી આગળ ચલાવવમાં રસ ન હોવાનું જણાઇ આવે છે. આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **2008 AIR SC 2066, S. RAMA KRISHNA Versus RAMI REDDY (D) BY HIS LRS**, ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો, The conduct of the complainant for the said purpose is of immense significance. He cannot allow a case to remain pending for an indefinite period. – નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા કરવામાં આવેલ અવલોકન તેમજ રેકર્ડ પરની હકીકત ધ્યાને લેવામાં આવે તો ફરિયાદી દ્વારા જે કેસની કાર્યવાહી આગળ ચલાવવા માટે જે કાર્યવાહી કરવી જોઈએ તેવી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ તેઓને અનેક વખત તકો આપવા છતા હાજર રહેલ નથી વધુમાં ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૬ ની જોગવાઈ ધ્યાને લેતા જયારે ફરિયાદી હાજર ન રહે તો ફરિયાદ કાઢી નાંખવા અત્રેની અદાલતને સત્તા હોવા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા તેમજ રેકર્ડ પરની ઉપરોકત નોંધવામાં આવેલ હકીકતો ધ્યાને લેતા હાલની ફરિયાદ કાઢી નાંખવા માટે પુરતુ અને વ્યાજબી કારણ જણાઈ આવતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### // હુકમ //

- ફરિયાદીની હાલની ફરિયાદ ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ અન્વયે ફરિયાદીની ગેરહાજરી કારણ સર કાઢી નાંખવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીને છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૧લી મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૧/૦૫/૨૦૨૬

**નીરવકુમાર બિહારીભાઈ પટેલ**
૧૯માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર – કોડ નં. જીજે ૦૧૧૨૬